## NSEL માં ઉભી કરાયેલી કટોકટીથી

# 'માર્કેટ' સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન

### માત્ર ૯૦ દિવસમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ ગુજરાતી આવૃત્તિ પ્રસિધ્ધ

ખબર-અમદાવાદ

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઓર્ગેનાઇઝ્ડ જગતના ઇતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડવામાં આવ્યા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. આવું જ નાની વયે પોતાના ઔદ્યોગિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ઊભી કરીને ભારતને ભૂમિજોગું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના સામ્રાજ્યને રાજકીય કાવા-દાવા અને નિષ્ઠુરતાના ષડયંત્ર દ્વારા તોડી પાડ્યું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું છે.

શાંતનુ ગુહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઇકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર ક્રોસવર્ડમાં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યાં હતાં. વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાક સ્થાપિત હિતોએ પોતાના ગુપ્ત ઈરાદાથી જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના આ ઈરાદાઓ કયા અને કેવા હતા તેના પર શાંતનુએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજરમતીઓ અને અમલદારશાહીની સાંઠ-ગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.

૨૫૩ પાનાનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે. તેમણે કેટલીક ગોપનીય સરકારી ફાઈલો ઉથલાવીને અને અધિકારીઓ સાથે વાતચીત મારફતે આંખ ઉઘાડનારા ઘટસ્ફોટ કર્યા છે. તેમણે કહ્યું છે કે એનએસઈએલને બંધ કરવાનું કહેવું એ એક્સચેન્જને અને તેના મારફતે જિજ્ઞેશ શાહ તથા તેમના તમામ સંસ્થાગત સાહસોને નુકસાન પહોંચાડવા માટેનું કાવતરું હતું. આ ષડયંત્ર તેની પાછળનું કારણ એ હતું કે જિજ્ઞેશ શાહે પોતાના આગવા સંશોધનો વડે જે નવા સાહસો ઊભા કર્યાં હતા તેને લીધે મોટા ગજાના લોકોની ઈજારાશાહી તૂટી ગઈ હતી. ગુહા રે કહે છે તેમ, જેમના પર આંત્રપ્રિન્યોરશીપ અને ટેક્નોલોજી આધારિત ઈનોવેશન કરવાની જવાબદારી હતી એવા જ લોકોએ તેનું ગળું ઘોંટી દેવાનું કામ કર્યું.

શાંતનુ ગુહા રેએ કહ્યા મુજબ જિજ્ઞેશ શાહે વિવિધ એસેટ્સમાં એવા ૧૦ એક્સચેન્જો સ્થાપ્યાં હતાં, જે દુનિયાના અલગ-અલગ ભાગોમાં અલગ-અલગ નિયમનકારો હેઠળ કામ કરી રહ્યાં હતાં. જિજ્ઞેશ શાહે માત્ર ૧૦ વર્ષના ગાળામાં ભારત, સિંગાપોર, દુબઈ અને આફ્રિકામાં એક્સચેન્જોની સ્થાપના કરી હતી. કોઈ ઈનોવેટરે આવી સિદ્ધિ પ્રાપ્ત કરી નથી. તેમના એક્સચેન્જ ભારતમાં પ્રથમ અને વિશ્વમાં બીજા ક્રમે હતાં. તેમને આશ્ચર્ય અને કુતૂહલના જેવું કોઈ પાછળ પાડી શકે એમ ન હતું. જો કે તેમણે આ બધા સર્જન કરતી વખતે નેશનલ સ્ટોક એક્સચેન્જ અને તેને સમર્થન આપનારા સ્થાપિત હિતોની સાથે અજાણપણે જ દુશ્મની વહોરી લીધી. જિજ્ઞેશ શાહ બજારોનું લોકતાંત્રિકીકરણ કરાવવા માગતા હોવાનું પણ જોખમ લીધું છે. વાત એ છે કે જિજ્ઞેશ શાહે નવી ચીજો બનાવીને એવા પ્રચલિત લોકોને જ વેપારને જિજ્ઞેશ શાહ અને ૧૯૫૦ના દાયકાની સુપ્રસિદ્ધ નવલકથા - 'એટલસ શ્રગ'ના મુખ્ય પાત્ર જોન ગાલ્ટની તુલના કરવાનું મન થયું હશે. પ્રવર્તમાન સિસ્ટમ સામે બાથ ભીડનારી બંને વ્યક્તિઓ - જિજ્ઞેશ શાહ અને ગાલ્ટ વચ્ચેના સામ્યને ગુહા રેએ ખરું પારખ્યું છે.



પુસ્તક પરથી જાણવા મળે છે કે જિજ્ઞેશ શાહે ફાઈનાન્શિયલ ટેક્નોલોજીસ ઇન્ડિયા લિમિટેડ શરૂ કરી ત્યારથી જ નેશનલ સ્ટોક એક્સચેન્જ કંપની સામે મોટો પડકાર ઊભો થયો હતો. આથી જ જિજ્ઞેશ શાહની પ્રગતિ જોઈને તેમના હરીફો ઈર્ષ્યાની આગમાં હોમાઈ ગયા અને તેમણે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવ્યા.

ગુહા રેએ આ પુસ્તકમાં કેટલાક અગત્યના પ્રશ્નો ઊભા કર્યાં છે: શું એનએસઈએલની કટોકટી ખાળી શકાઈ હોત? શું આપણે આપણા આંત્રપ્રિન્યોર્સ અને ઈનોવેટર્સ સાથે આવો જ વર્તાવ કરીએ છીએ? જો તપાસનીશ એજન્સીઓએ એનએસઈએલની પેમેન્ટ કટોકટીના આશરે ૨૪ ડિફોલ્ટર્સ પાસે ગયા લોકોનું બખર હોત અને અદાલતે પણ એ બાબત સ્પષ્ટ કરી છે, તો પછી એ બધી જ એજન્સીઓ શું કામ જિજ્ઞેશ શાહની પાછળ પડી ગઈ છે?